COMING SOON!!!

MATHS CONCEPT BOOK

- 40થી વધુ ચેપ્ટર્સ
- સ્વાધ્યાય માટેના પૂરતાં ઉદાહરણો (સોલ્યુશન સાથે)
- જરૂર લાગે ત્યાં Short Tricks
- Concept મુજબની સમજૂતી

VARTMAN ACADEMY

AVAILABLE COURSES

જનરલ બેચ ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાના મોટાભાગના અભ્યાસક્રમને આવરી લેતી 4 મહિનાની બેચ

ગણિત - રીઝનીંગના વધતાં જતાં મહત્વને ધ્યાનમાં રાખી ગણિત - રીઝનીંગની સ્પેશ્યલ બેચ **ગણિત-રીઝનીંગ**

અંગ્રેજી અંગ્રેજી જેવા મહત્વના વિષયનું પાયાથી જ્ઞાન આપતી સ્પેશ્યલ બેચ

વિશેષતાઓ

• નિષ્ણાત અને અનુભવી FACULTIES • LIBRARYની સગવડ • વ્યક્તિગત માર્ગદર્શન
• નિયમિત ટેસ્ટ • પધ્ધતિસરની ક્લાસ નોટ્સ • દરેક વિષયનું પધ્ધતિસરનું મટીરીયલ
• A.C. CLASS ROOMS • અદ્યતન સુવિધાઓ

VARTMAN 24/7

ગુજરાત સરકારની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે તલાટી, જુનિયર ક્લાર્ક, સિનિયર ક્લાર્ક, P.S.I, કોન્સ્ટેબલ, Dy.S.O / નાયબ મામલતદાર, Class I-II, BANK CLERK / P.O, S.S.Cની પરીક્ષાઓનું માર્ગદર્શન આપતી સંસ્થા.

REASONING BOOK

INDEX

CHAPTER 01 - રોમન અંક 01
CHAPTER 02 - દિશાસૂઝ 09
CHAPTER 03 - ક્રમ 20
CHAPTER 04 - સંખ્યા શ્રેણી 28
CHAPTER 05 - અક્ષર શ્રેણી 43
CHAPTER 06 - સંકેત-વિસંકેત 50
CHAPTER 07 - પ્રમાણની તુલના 63
CHAPTER 08 - વર્ગીકરણ 68
CHAPTER 09 - બેઠક વ્યવસ્થા 70
CHAPTER 10 - લોહીના સંબંધો 80
CHAPTER 11 - શ્રેણી 86
CHAPTER 12 - ઘડિયાળ 89



તો સાહેબ હેંડો, શરૂ કરીયે!!!

Character Disclaimer :

The character 'JIGO' is a work of fiction. Names, characters, businesses, places, events and incidents are either the products of the author's imagination or used in a fictitious manner. Any resemblance to actual persons, living or dead, or actual events is purely coincidental.

©®

Certain characters or artwork are trademark and copyright of Vartman. All Rights Reserved.

CHAPTER 01

Roman Numbers
રોમન અંક

શૂન્યની શોધ થયા પછી રોમન અંકની કોઇ જ જરૂરિયાત રહી નથી. આ ઉપરાંત હવે સામાન્ય રીતે કોઇને રોમન અંકનું જ્ઞાન રહ્યું નથી. પરંતુ સ્પર્ધાત્મક પરીક્ષામાં 'રોમન અંક'ના પ્રશ્નો ઘણી વાર પૂછાતા હોય છે. તો સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવાર તરીકે રોમન અંકનું જ્ઞાન હોવું જરૂરી છે. સમજ્યો જીગા!!

→ રોમન અંકનો ખ્યાલ ખૂબ જ સરળ છે. એક વાર સમજ્યા પછી તમે કોઇ પણ અંકને રોમન અંકમાં લખી શકો છો.

→ રોમન અંક શીખવા માટે 'સ્થાનિક કિંમત' વિષે સમજવું જરૂરી છે

સ્થાનિક કિંમત

કોઇ પણ સંખ્યામાં તેના સ્થાનના આધારે દરેક અંકની એક ચોક્કસ કિંમત હોય છે. જેને તેની 'સ્થાનિક કિંમત' કહે છે.

દસ લાખ	લાખ	દસ હજાર	હજાર	શતક	દશક	એકમ
1000000	100000	10000	1000	100	10	1

- દા.ત. 234માં

  2નું શતકનું સ્થાન છે, આથી 2ની સ્થાનિક કિંમત = 2 x 100 = 200
  3નું દશકનું સ્થાન છે, આથી 3ની સ્થાનિક કિંમત = 3 x 10 = 30
  4નું એકમનું સ્થાન છે, આથી 4ની સ્થાનિક કિંમત = 4 x 1 = 4

  234

  દરેક અંકની સ્થાનિક કિંમતનો સરવાળો મૂળ સંખ્યા જ થાય.

  આ સાથે દાર્શનિક કિંમત પણ સમજી લઈએ.

દાર્શનિક કિંમત

કોઇ પણ અંકની દાર્શનીક કિંમત જે તે અંક પોતે જ હોય છે.

- વ્યુત્પત્તિગત પણ કહેવાય છે.

- દા.ત. 234માં

  2ની દાર્શનિક કિંમત = 2
  3ની દાર્શનિક કિંમત = 3
  4ની દાર્શનિક કિંમત = 4

● રોમન અંકના નિયમો

નિયમ નં. 1 : રોમન અંકમાં કોઈ પણ નિશાની સતત ચાર વખત ન આવે

નિયમ નં. 2 : રોમન અંકની ગોઠવણી તેની સ્થાનિક કિંમતના આધારે જ થાય
- રોમન અંક મુખ્યત્વે અંગ્રેજી મૂળાક્ષરોનો ઉપયોગ કરીને લખાય છે
- રોમન અંકમાં 1 ને I લખાય તો 2 એટલે બે વખત II અને 3 એટલે ત્રણ વખત III
હવે, નિયમ નં. 1 મુજબ 4 એટલે ચાર વખત IIII નહી લખી શકાય.

નિયમ નં. 3 : રોમન અંકમાં કોઈ એક નિશાનીની આગળ કોઇ બીજી નિશાની લખતા તે મૂળ અંકમાંથી બાદ થશે (બાદ કરવા આગળ કોઇ એક જ અંક લખી શકાય)
5 એટલે V લખાય. આથી, 4 એટલે 'V' ની આગળ 'I' લખાશે : 4 - IV

નિયમ નં. 4 : રોમન અંકમાં કોઈ નિશાનીની પાછળ કોઈ નિશાની લખતા તે મૂળ અંકમાં ઉમેરાય છે
અને 6 એટલે Vની પાછળ 'I' લખાશે : 6 - VI
આ જ રીતે, 7 - VII, 8 - VIII
ફરી 9 એટલે 'V' પાછળ ચાર વખત 'I' નહીં લખી શકાય
તો 10 એટલે X થાય.
આથી, 10માંથી 1 બાદ કરતાં 9 મળે. આમ, 'X' ની આગળ I એટલે 'IX' લખતાં 9 મળે.

1 થી 10 સુધીના અંકોના લોજીકના આધારે જોયા વગર 1 થી 10 સુધી લખો.

1 - I	3 - III	5 - V	7 - VII	9 - IX
2 - II	4 - IV	6 - VI	8 - VIII	10 - X

હવે નિયમ નં. 2 મુજબ 10 પછીના દરેક અંકોની ગોઠવણી તેની સ્થાનિક કિંમતના આધારે થશે.

EXERCISE - 1

11 → 10 + 1 → 10 = X, 1 - I → XI

12 → 10 + 2 → 10 = X, 2 - II → XII

13 → 10 + 3 → 10 = X, 3 - III → XIII

14 → 10 + 4 → 10 = X, 4 - IV → XIV

15 → 10 + 5 → 10 = X, 5 - V → XV

16 → 10 + 6 → X□ = □, □ = □ → □

17 → 10 + 7 → □ = □, □ = □ → □

18 → 10 + 8 → □ = □, □ = □ → □

19 → 10 + 9 → □ = □, □ = □ → □

20 એટલે XX લખાશે. હવે 21 થી 29 સુધી લખી શકાય. લખો તો પછી નીચેના અંકો, જીગેશકુમાર.

EXERCISE - 2

23 → 20 + 3 → 20 = XX, 3 - III → XXIII

25 → 20 + 5 → XX = □, 5 = V → XXV

27 → 20 + 7 → XX = □, 7 = VII → XXVII

29 → 20 + 9 → XX = □, 9 = IX → XXIX

આ જ રીતે 30 કેમ લખાય એ ખ્યાલ આવી જાય તો તમે 31 થી 39 લખી શકો. (30 એટલે XXX)

● 37 → 30 + 7 → 30 = □, 7 = VII → XXXVII

તો હવે આપણે દશકની સંપૂર્ણ સીરીઝ શીખી લઈએ. જેનાથી તમે 199 સુધી રોમન અંક લખી શકશો.

● 10 - X 20 - XX 30 - XXX

40 - હવે નિયમ નં. 1 મુજબ ચાર વખત X નહીં લખી શકાય. આથી, 50નો મૂળાક્ષર જાણવો જરૂરી છે.
50 એટલે 'L' થાય તો 40 એટલે 50 - 10 = 40
આથી, L ની આગળ 'X' લખવાથી 40 થાય. (નિયમ નં. 3)

● 40 - XL (50 - L)

60 - હવે, નિયમ નં. 5 મુજબ કોઈ નિશાની પાછળ લખવાથી મૂળ અંકમાં ઉમેરાશે. (60 = 50 + 10)
આથી, Lની પાછળ X લખવાથી 60 થાય.

● 60 - LX 70 - LXX 80 - LXXX

90 - ફરી 90 એટલે 'L'ની પાછળ ચાર વખત X નહીં લખાય. આથી 100 નો મૂળાક્ષર જાણવો જરૂરી છે.
100 એટલે 'C' થાય તો 90 એટલે 100 - 10 = 90
આથી 'C' ની આગળ 'X' લખવાથી 90 થાય. (નિયમ નં. 3)

● 90 - XC 100 - C

10 થી 100 સુધીના અંકોના લોજીકના આધારે જોયા વગર 10 થી 100 સુધી લખો. (10 થી 100 વચ્ચે 10ના ગુણાંકમાં આવતા અંકો)

10 - X	30 - XXX	50 - L	70 - LXX	90 - XC
20 - XX	40 - XL	60 - LX	80 - LXXX	100 - C

નિરજ ભરવાડ - હવે, તમે 199 સુધીના રોમન અંકો લખી શકો.

જીગો - કેવી રીતે?

નિરજ ભરવાડ - સમજાવું.

- દા.ત. 34 ને રોમન અંકમાં કેવી રીતે લખાય ?
  તો અહીં 3 ની સ્થાનિક કિંમત = 3 x 10 = 30
  અને 4 ની સ્થાનિક કિંમત 4 x 1 = 4
  આથી,
  34 = 30 + 4 = XXX + IV = XXXIV
- 77 = 70 + 7 = LXX + VII = LXXVII
- 149 = 100 + 40 + 9 = C + XL + IX = CXLIX

નિરજ ભરવાડ - ખ્યાલ આવ્યો, જીગા?

નિરજ ભરવાડ - હવે, નીચેના અંકોને રોમન અંકમાં લખો.

EXERCISE - 3

49 - ☐ 67 - ☐ 84 - ☐ 99 - ☐
111 - ☐ 145 - ☐ 193 - ☐

હવે, આપણે શતકની સીરીઝ શીખી લઈએ.

- 100 - C 200 - CC 300 - CCC

હવે, 400 એટલે ચાર વખત 'C' નહીં લખી શકાય. આથી, 500 - 100 = 400 હવે 500 = D થાય. આથી 'D'ની આગળ 'C' લખાશે. 400 = CD

- 400 - CD 500 - D

600 એટલે 500 + 100 આથી, 'D' ની પાછળ 'C' લખાશે.

- 600 - DC 700 - DCC 800 - DCCC

900 એટલે D પછી ચાર વખત 'C' નહીં લખી શકાય. આથી, 1000 - 100 = 900 હવે, 1000 = M થાય. આથી 'M' ની આગળ 'C' લખાશે. 900 = CM

- 900 - CM 1000 - M

નીચેના અંકોનું લોજીક સમજી, 100-1000ની સીરીઝ જોયા વગર લખો.

- 100 - C 300 - CCC 500 - D 700 - DCC 900 - CM
  200 - CC 400 - CD 600 - DC 800 - DCCC 1000 - M

નિરજ ભરવાડ - હવે તમે 1999 સુધીના રોમન અંકો લખી શકો.
પૂછતાં નહીં કેવી રીતે, કેમકે હું કહું જ છું, હો...

નિયમ નં. 2 (રોમન અંકની ગોઠવણી સ્થાનિક કિંમત આધારે)

- 234 = 200 + 30 + 4
  = CC + XXX + IV
  = CCXXXIV
- 783 = 700 + 80 + 3
  = DCC + LXXX + III
  = DCCLXXXIII
- 1659 = 1000 + 600 + 50 + 9
  = M + DC + L + IX
  = MDCLIX

EXERCISE - 4

નિરજ ભરવાડ - જીગાભાઈ, હવે નીચેના અંકોને રોમન અંકમાં લખો.

(1) 444 CDXLIV (2) 786 ☐ (3) 827 ☐
(4) 617 ☐ (5) 1532 ☐ (6) 1928 ☐

હવે, આપણે હજારની સીરીઝ શીખી લઈએ.

- 1000 - M 2000 - MM 3000 - MMM

4000 એટલે ચાર વખત M નહીં લખી શકાય. આથી, 5000 - 1000 = 4000 હવે, મજાની વાત એ છે કે 5000ને રોમન અંકમાં ન લખી શકાય. આથી, 4000ને પણ રોમન અંકમાં ન લખી શકાય.

આમ, રોમન અંક 3999 સુધી જ લખી શકાય.

EXERCISE - 5

નીચે આપેલ અંકોને રોમન અંકમાં લખો

(1) 1111 ☐ (2) 1050 ☐ (3) 2760 ☐
(4) 2002 ☐ (5) 3050 ☐ (6) 3888 ☐

નોંધ

0 (શૂન્ય - Zero) ને રોમન અંકમાં ન લખી શકાય. કારણ કે, શૂન્યની શોધ થઈ તે પહેલાં અંકો રોમન અંકમાં લખાતાં અને શૂન્યની શોધ થયા બાદ રોમન અંકની જરૂર નથી પડી.

દા.ત. 1023 = 1000 + 0 + 20 + 3
= M + +XX +III
= MXXIII

આ સાત મૂળાક્ષરોના આધારે નીચેનું ટેબલ લખી શકાય કે જે તમે અગાઉ લખ્યું.

● 1 - I 5 - V 10 - X 50 - L 100 - C 500 - D 1000 - M

1	I	10	X	100	C	1000	M
2	II	20	XX	200	CC	2000	MM
3	III	30	XXX	300	CCC	3000	MMM
4	IV	40	XL	400	CD		
5	V	50	L	500	D		
6	VI	60	LX	600	DC		
7	VII	70	LXX	700	DCC		
8	VIII	80	LXXX	800	DCCC		
9	IX	90	XC	900	CM		
10	X	100	C	1000	M		

તો જુગાભઈ, આ છે રોમન અંકોની રમત.

અને આ ટેબલ પરથી તમે 3999 સુધીની કોઈપણ સંખ્યાને રોમન અંકમાં લખી શકો.

ANSWERS

EXERCISE - 1

(1) 11 - XI (2) 12 - XII (3) 13 - XIII (4) 14 - XIV (5) 15 - XV
(6) 16 - XVI (7) 17 - XVII (8) 18 - XVIII (9) 19 - XIX (10) 20 - XX

EXERCISE - 2

(1) 23 - XXIII (2) 25 - XXV (3) 27 - XXVII (4) 29 - XXIX

EXERCISE - 3

49 → 40 + 9 → XLIX
67 → 60 + 7 → LXVII
84 → 80 + 4 → LXXXIV
99 → 90 + 9 → XCIX
111 → 100 + 10 + 1 → CXI
145 → 100 + 40 + 5 → CXLV
193 → 100 + 90 + 3 → CXCIII

નોંધ

49 ને 50 - 1 તો 'L' ની આગળ 'I' = IL આમ નહીં લખી શકાય. કારણ કે રોમન અંકની ગોઠવણી હંમેશાં તેના અંકોની સ્થાનિક કિંમતના આધારે જ થાય. (નિયમ નં. 2)

EXERCISE - 4

444 → 400 + 40 + 4 = CDXLIV
617 → 600 + 10 + 7 = DCXVII
786 → 700 + 80 + 6 = DCCLXXXVI
1532 → 1000 + 500 + 30 + 2 = MDXXXII
827 → 800 + 20 + 7 = DCCCXXVII
1928 → 1000 + 900 + 20 + 8 = MCMXXVIII

EXERCISE - 5

1111 → 1000 + 100 + 10 + 1 = MCXI
1050 → 1000 + 0 + 50 + 0 = ML
2760 → 2000 + 700 + 60 + 0 = MMDCCLX
2002 → 2000 + 0 + 0 + 2 = MMII
3050 → 3000 + 0 + 50 + 0 = MMML
3888 → 3000 + 800 + 80 + 8 = MMMDCCCLXXXVIII
3888 એ રોમન અંકમાં લખાતી સૌથી લાંબી સંખ્યા છે.

EXERCISE - 6

Q1) 39 રોમન અંકમાં કેવી રીતે લખાય? A. _____

Q2) 49 રોમન અંકમાં કેવી રીતે લખાય? A. _____

Q3) XXIV ને અંકમાં કેવી રીતે લખાય? A. _____

Q4) LIX ને અંકમાં કેવી રીતે લખાય? A. _____

Q5) V, X, XV, XX, XXV ? A. _____

Q6) I, V, X, L, C ? A. _____

Q7) XX, XL, LX, LXXX ? A. _____

Q8) XXII, LIV, LXIX, XLIV, XC ને ઉતરતા ક્રમમાં ગોઠવતાં વચ્ચે કયો અંક આવે? A. _____

Q9) L, C, V, M, I ચડતા ક્રમમાં ગોઠવો. A. _____

Q10) V : XXV :: X ? A. _____

ANSWERS

(1) XXXIX (2) XLIX (3) 24 (4) 59 (5) XXX (6) D (7) C (8) LIV
(9) I, V, L, C, M (10) C

તો જીગાભઈ હેંડો, એક નવી દિશા તરફ જઈએ?

CHAPTER 02

Direction Sense
દિશાસૂઝ

- આ પ્રકારના પ્રશ્નોમાં વિદ્યાર્થીની દિશા સૂચકતાં ચકાસી સામાન્ય તાર્કિક પ્રશ્નો પૂછાય છે.
- દિશાના પ્રશ્નોને Solve કરવા માટે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો.

કોઈપણ સ્થળેથી
↑ ઉપરની દિશા-ઉત્તર
↓ નીચેની દિશા-દક્ષિણ
→ જમણી બાજુ- પૂર્વ
← ડાબી બાજુ –પશ્ચિમ



- આ ચાર દિશા ઉપરાંત ચાર ખૂણાઓ પણ ધ્યાનમાં રાખવા



- આ પ્રકરણમાં સૌથી મહત્વની બાબત ડાબો-જમણો 'વળાંક' છે.



→
જમણી બાજુ
ઘડિયાળની દિશા તરફ

←
ડાબી બાજુ
ઘડિયાળની વિરુધ્ધ દિશા તરફ

4



- બે મુખ્ય દિશાઓ 90° નો ખૂણો બનાવે છે
- મુખ્ય દિશા અને વચ્ચેની દિશાઓ 45° નો ખૂણો બનાવે છે

5 'Starting Point' ને અલગ દર્શાવવું

6 'પાયથાગોરસના સિદ્ધાંત'ના આધારે ઘણીવાર પ્રશ્નો પૂછાય છે

પાયથાગોરસના સિદ્ધાંત
$AB^2+BC^2=AC^2$





$AB^2+BC^2=AC^2$
$6^2 + 8^2 = AC^2$
$36 + 64 = AC^2$
$100 = AC^2$
$10 = AC$

નિરજ ભરવાડ - જીગા, OKAY છે?

જીગો - યસ સર ઓકે છે

DIRECTION SENSE

Basic Level

1 લાલુ પ્રસાદ એક સ્થળેથી બીજા સ્થળે ચાલવાનું શરૂ કરે છે. સૌ પ્રથમ પૂર્વ દિશા તરફ 5 km ચાલીને ડાબી બાજુ વળીને 5 km ચાલી ડાબી બાજુ વળી ફરી 5 km ચાલે છે. તો હવે લાલુ પ્રસાદ તેના મૂળ સ્થાનેથી કેટલા અંતર દૂર હશે?

(A) 10 km (B) 15 km (C) 5 km (D) 0 km

Basic Level

2 ભૂરો એક દિવસ દક્ષિણ દિશા તરફ 10 km ચાલે છે, ત્યારબાદ જમણી બાજુ વળીને 5 km ચાલે છે, ફરી 10 km જમણી બાજુ વળીને ચાલે છે અંતે ભૂરો ડાબી બાજુ વળીને 10 km ચાલે છે તો ભૂરો મૂળ સ્થાનેથી કઈ દિશામાં અને કેટલો દૂર હશે?

(A) પશ્ચિમ - 5 km (B) પશ્ચિમ - 15 km (C) પૂર્વ - 5 km (D) પૂર્વ - 15 km

3 કૈલાશ મૂળ સ્થાન પરથી પૂર્વ દિશા તરફ 25 km ચાલે છે ત્યારબાદ ડાબી બાજુ વળીને 30 km ચાલે છે, ફરી જમણી બાજુ વળીને 25 km ચાલે છે ત્યારબાદ જમણી બાજુ વળીને 55 km ચાલે છે, અને અંતે જમણી બાજુ વળીને 40 km ચાલે છે, તો કૈલાશ મૂળ સ્થાનેથી કઈ દિશા તરફ હશે?

(A) અગ્નિ (B) દક્ષિણ (C) પૂર્વ (D) વાયવ્ય

4 હિરેન દક્ષિણ દિશા તરફ 3 km ચાલીને જમણી બાજુ વળીને 4 km ચાલે છે તો હિરેન મૂળ સ્થાનેથી કઈ દિશામાં અને કેટલો દૂર હશે?

(A) નૈઋત્ય - 7 km (B) દક્ષિણ - 7 km (C) નૈઋત્ય - 5 km (D) નૈઋત્ય - 12 km

5 કૃણાલ 10 km ઉત્તર તરફ ચાલે છે, ત્યારબાદ 6 km દક્ષિણ તરફ ચાલે છે અને પછી 3 km પૂર્વ તરફ ચાલે છે તો કૃણાલ તેના મૂળ સ્થાનેથી કઈ દિશામાં અને કેટલા અંતરે દૂર હશે?

(A) ઈશાન - 5 km (B) ઉત્તર - 19 km (C) ઈશાન - 19 km (D) પૂર્વ - 5 km

6 તમે ઉત્તર દિશા તરફ જાઓ અને જમણી બાજુ વળી ફરી જમણી બાજુ વળી અંતે ડાબી બાજુ વળીને ઊભા રહો તો તમારો મોં કઈ દિશા તરફ હશે?

(A) ઉત્તર (B) પશ્ચિમ (C) ઈશાન (D) પૂર્વ

7 મહેશ ઉત્તર દિશા તરફ ચાલવાનું શરૂ કરે છે, થોડું આગળ ચાલી ડાબી બાજુ વળી ફરી જમણી બાજુ વળીને જમણી બાજુ વળીને ઉભો રહે છે તો મહેશનું મોં કઈ દિશામાં હશે?

(A) પૂર્વ (B) પશ્ચિમ (C) ઉત્તર (D) દક્ષિણ

8 સૂર્યોદય સમયે પ્રશાંતનો પડછાયો તેની ડાબી બાજુ પડે છે, તો પ્રશાંત કઈ દિશા તરફ મોં રાખીને ઉભો હશે?

(A) પશ્ચિમ (B) ઉત્તર (C) અગ્નિ (D) દક્ષિણ

9 શ્રી હિટલર એકવાર ચાલવાનુ શરૂ કરી, ડાબી બાજુ વળી, પછી જમણી બાજુ વળી, ફરી જમણી બાજુ વળી, ડાબી બાજુ વળી, અંતે જમણી બાજુ વળીને ઉભો રહે ત્યારે જો તેમનું મોં પશ્ચિમ દિશા તરફ હોય તો શ્રી હિટલરે કઈ દિશા તરફ ચાલવાની શરૂઆત કરી હશે?

(A) દક્ષિણ (B) પશ્ચિમ (C) પૂર્વ (D) ઉત્તર

**જીગલા હવે થોડું અઘરું ગણીએ ચલો,
બીતો નહી દોસ્ત હોં.... હો.ને...**

Advance Level

10. રોહન ઉત્તર તરફ ચાલવાનું શરૂ કરે છે તે 3 km ચાલીને ડાબી બાજુ વળીને ફરી 2 km ચાલે છે ત્યારબાદ ડાબી બાજુ 90° ફરીને 3 km ચાલે છે અંતે રોહન 90° ડાબી બાજુ વાળીને 3 km ચાલે છે તો તે મૂળ સ્થાનેથી કેટલા અંતરે અને કઈ દિશામાં હશે?
(A) મૂળ સ્થાને (B) પશ્ચિમ - 5 km (C) પૂર્વ - 1 km (D) પૂર્વ - 3 km

11. જીગો સૂર્યોદય તરફ 10 km ચાલીને ડાબી બાજુ વળીને 5 km ચાલે છે, ત્યારબાદ પૂર્વ દિશામાં 6 km ચાલે છે પછી દક્ષિણ દિશામાં 5 km ચાલીને સૂર્યાસ્ત બાજુ 3 km ચાલે છે તો જીગો મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે?
(A) 19 km (B) 13 km (C) 16 km (D) 21 km

12. મગન સૂર્યાસ્તની વિરુધ્ધ દિશામાં ચાલવાનું શરૂ કરે છે. 100 km ચાલ્યા બાદ જમણી બાજુ વળી 60 km ચાલે છે ત્યારબાદ 180° ફરીને ફરીથી 60 km ચાલે છે અને ત્યારબાદ ડાબી બાજુ વળીને 120 km ચાલે છે તો મગન મૂળ સ્થાનેથી કઈ દિશામાં અને કેટલો દૂર હશે?
(A) પશ્ચિમ - 20 km (B) પૂર્વ - 20 km (C) પૂર્વ - 220 km (D) દક્ષિણ - 180 km

13. સુમન ઘરેથી ગાડી લઈને ઓફિસ જવા નીકળે છે તે 15 km ઉત્તર તરફ જઈને ડાબી બાજુ વળે છે, ત્યારબાદ 10 km ચાલે છે ત્યારબાદ દક્ષિણ દિશા તરફ 5 km ચાલે છે, ત્યારબાદ ડાબી બાજુ વળીને 8 km ચાલે છે અંતે દક્ષિણ દિશા તરફ 10 km ચાલી ઓફિસ પર પહોંચે છે, તો સુમનની ઓફિસ તેના ઘરથી કેટલી દૂર અને કઈ દિશામાં હશે?
(A) પૂર્વ - 3 km (B) પૂર્વ - 18 km (C) પશ્ચિમ - 18 km (D) પશ્ચિમ - 2 km

14. એક વ્યક્તિનું બાળક ખોવાઈ જાય છે તે વ્યક્તિ તેના બાળકની શોધમાં 90 મીટર પૂર્વ તરફ જઈને જમણી બાજુ વળીને 20 મીટર ચાલીને જમણી બાજુ વળીને 30 મીટર ચાલે છે. અંતે તે જમણી બાજુ વળીને 100 મીટર ચાલે છે અને તેનું બાળક મળી જાય છે, તો તે બાળક ઘરેથી કેટલું દૂર અને કઈ દિશામાં હતું?
(A) 100 mtr - ઈશાન (B) 100 mtr - પૂર્વ (C) 80 mtr - ઉત્તર (D) 140 mtr - પૂર્વ

15. જીગો સૂર્યાસ્તની વિરુધ્ધ દિશામાં 6 km ચાલી ડાબી બાજુ વળી 8 km ચાલી ઉભો રહે છે તો હવે જીગો મૂળ સ્થાનેથી કઈ દિશામાં અને કેટલા અંતરે હશે?
(A) ઈશાન - 10 km (B) અગ્નિ - 10 km (C) ઉત્તર - 14 km (D) ઈશાન - 14 km

16. ભુરીયો દક્ષિણ તરફ 5 km ચાલી પૂર્વ તરફ અમુક અંતર કાપે છે. મુસાફરીના અંતે ભૂરીયો મૂળ સ્થાનેથી 13 km ના અંતરે હોય તો ભુરાએ પૂર્વ તરફ કેટલા કિ.મી.નું અંતર કાપ્યું હોય?
(A) 13 km (B) 18 km (C) 8 km (D) 12 km

17. એક વ્યક્તિ વાયવ્ય દિશા તરફ મોં કરીને ઉભો છે, તે 90° જમણી તરફ વળી, 180° ફરી અંતે 45° ડાબી બાજુ ફરે છે તો હવે તે વ્યક્તિનું મોં કઈ દિશા તરફ હશે?
(A) દક્ષિણ (B) અગ્નિ (C) નૈઋત્ય (D) પશ્ચિમ

Advance Level

18. ધવલ તેના મૂળ સ્થાનેથી ઉત્તર દિશામાં 3 km ચાલી જમણી બાજુ વળી 8 km ચાલી ડાબી બાજુ વળી 3 km ચાલી ઉભો રહે છે તો,
(1) ધવલનું મોં કઈ દિશા તરફ હશે? (2) તે મૂળ સ્થાનેથી કઈ દિશા તરફ હશે?
(3) તે મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે ?

19. જીગો 20 km સૂર્યોદય તરફ ચાલી ડાબી બાજુ 90° વળી 7 km ચાલી 90° ડાબી બાજુ વળી 12 km ચાલી અંતે દક્ષિણ દિશામાં 7 km ચાલી ડાબી બાજુ ફરી ઉભો રહે છે તો,
(1) જીગાનું મોં કઈ દિશા તરફ હશે? (2) તે મૂળ સ્થાનેથી કઈ દિશા તરફ હશે?
(3) તે મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે ?

20. ભૂરો પૂર્વ દિશામાં 5 km ચાલી જમણી બાજુ 90° વળી 6 km ચાલી 180° ફરી 9 km ચાલે છે, અંતે ડાબી બાજુ 90° વળી 5 km ચાલી ઉભો રહે છે તો,
(1) ભૂરાનું મોં કઈ દિશા તરફ હશે? (2) તે મૂળ સ્થાનેથી કઈ દિશા તરફ હશે?
(3) તે મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે ?

21. બકો નૈઋત્ય દિશામાં 4 km ચાલી પૂર્વ દિશામાં 7 km ચાલી 45° ડાબી બાજુ વળી 4 km ચાલી ઉભો રહે છે, તો
(1) બકાનું મોં કઈ દિશા તરફ હશે? (2) તે મૂળ સ્થાનેથી કઈ દિશા તરફ હશે?
(3) તે મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે ?

22. જીગો પશ્ચિમ દિશા તરફ મોં રાખીને ઉભો છે, જો તે 150° જમણી તરફ ફરી 105° ડાબી તરફ ફરે છે તો હવે તેનું મોં કઈ દિશા તરફ હશે?
(A) ઈશાન (B) ઉત્તર (C) પૂર્વ (D) વાયવ્ય

23. બાબા રામદેવ સૂર્યોદય સમયે શિર્ષાસન કરે છે તો તેમનો પડછાયો તેમની જમણી બાજુ પડે છે તો શિર્ષાસનની મુદ્રામાં તેમનું મોં કઈ દિશા તરફ હશે?
(A) દક્ષિણ (B) ઉત્તર (C) પશ્ચિમ (D) પૂર્વ

24. અજીત બિંદુ A થી ઉત્તર તરફ 8 km ચાલી બિંદુ B પર પહોંચે છે, ત્યારબાદ જમણી બાજુ વળીને 7 km ચાલી બિંદુ C પર પહોંચે છે, ત્યાંથી જમણી બાજુ વળી 5 km ચાલી બિંદુ D પર પહોંચી ફરી જમણી બાજુ વળીને 7 km ચાલી બિંદુ E પર પહોંચે છે, અંતે જમણી બાજુ વળીને 3 km ચાલી બિંદુ F પર પહોંચે છે, તો બિંદુ F અને B વચ્ચે કેટલું અંતર હશે?
(A) 2 km (B) 5 km (C) 8 km (D) 3 km

નિરજ ભરવાડ - મસ્ત પ્રશ્નો છે ને જીગા?
ટેન્શન નહી લેવાનું દોસ્ત, છેલ્લે આપણે સોલ્યુશન આપેલા છે.
કોઈને ખબર ના પડે એમ જોઈ લેવાના 😜

Advance Level

25 લાદેન પૂર્વ દિશા તરફ ચાલવાનું શરૂ કરી, જમણી બાજુ વળતાં પહેલાં 4 km ચાલે છે, ત્યારબા ફરી જમણી બાજુ વળતા પહેલા 6 km ચાલે છે, ફરી એકવાર જમણી બાજુ વળતા પહેલા 4 k ચાલી, અંતે 1 km ચાલી ઉભો રહે છે તો?

(1) લાદેનનું મોં કઈ દિશા તરફ હશે?

(2) તે મૂળ સ્થાનેથી કઈ દિશા તરફ હશે?

(3) તે મૂળ સ્થાનેથી કેટલા અંતરે હશે ?

26 અક્ષય P સ્થાન પરથી શરૂ કરી દક્ષિણ દિશામાં 5 km ચાલી ડાબી બાજુ વળી 2 km ચાલ Q બિંદુ પર પહોંચે છે. ત્યારબાદ ડાબી બાજુ વળી 3 km ચાલી ફરી જમણી બાજુ વળી 1 k ચાલી R બિંદુ પર પહોચે છે. ત્યાંથી ડાબી બાજુ વળી, 2 km ચાલી, S બિંદુ પર પહોંચે છે. અંતે ડાબી બાજુ વળી 2 km ચાલીને બિંદુ T પર ઉભો રહે છે.

(1) જો અક્ષય બિંદુ T પરથી દક્ષિણ દિશામાં 2 km ચાલી, ડાબી બાજુ ફરે છે, તો તેનું મોં ક બિંદુ સામે હશે?

(2) બિંદુ T એ બિંદુ P થી કઈ દિશામાં અને કેટલા અંતરે છે?

હાશ, પુરુ તો થયું!!!

ANSWERS

(1) C (2) B (3) A (4) C (5) A (6) D (7) A (8) B (9) A (10) C
(11) B (12) A (13) D (14) A (15) A (16) D (17) A
(18) Q1. ઉત્તર Q2. ઇશાન Q3. 10 km (19) Q1. પૂર્વ Q2. પૂર્વ Q3. 8 km
(20) Q1. પશ્ચિમ Q2. ઉત્તર Q3. 3 km (21) Q1. ઇશાન Q2. પૂર્વ Q3. 7 km
(22) D (23) B (24) A (25) Q1. ઉત્તર Q2. દક્ષીણ Q3. 5 km
(26) Q1. R Q2. પૂર્વ - 1 km

Solutions

1 5 km



2 પશ્ચિમ - 15 km



3 અગ્નિ



4 નૈઋત્ય - 5 km



5 ઇશાન - 5 km



6 પૂર્વ



7 પૂર્વ

નિરજ ભરવાડ - જો જીગા આ બધી આકૃતિઓ મે જાતે બનાવી છે. દોસ્ત!!

Solutions

8 ઉત્તર



9 દક્ષિણ



10 1 km - પૂર્વ



11 13 km



12 પશ્ચિમ - 20 km



13 2 km - પશ્ચિમ



Solutions

14 ઈશાન - 100 m



15 ઇશાન - 10 km



$AB^2 + BC^2 = AC^2$
$6^2 + 8^2 = AC^2$
$36 + 64 = AC^2$
$100 = AC^2$
$10 = AC$

16 12 km





$AB^2 + BC^2 = AC^2$
$5^2 + BC^2 = 13^2$
$25 + BC^2 = 169$
$BC^2 = 169-25$
$BC^2 = 144$
$BC = 12$

17 દક્ષિણ



Solutions

18 (1) ઉત્તર (2) દક્ષિણ (3) 10 km





$AB^2 + BC^2 = AC^2$
$6^2 + 8^2 = AC^2$
$36 + 64 = AC^2$
$100 = AC^2$
$10 = AC$

19 (1) પૂર્વ (2) પૂર્વ (3) 8 km



20 (1) પશ્ચિમ (2) ઉત્તર (3) 3 km



21 (1) દક્ષિણ (2) પૂર્વ (3) 7 km



22 વાયવ્ય



Solutions

23 ઉત્તર



24 2 km



25 (1) ઉત્તર (2) દક્ષિણ (3) 5 km



26 (1) R (2) પૂર્વ - 1 km



તો જીગાભઈ કેવું? ફાવે કે નહી?

CHAPTER
03 Rank
ક્રમ

આ પ્રકરણ આધારિત આડી હરોળ તેમજ ઊભી હરોળને સંબંધિત ક્રમ આધારિત પ્રશ્નો પૂછાય છે.

● સમજૂતી

- જ્યારે એવું કહેવામાં આવે છે કે જીગો ડાબેથી 17મા ક્રમે છે ત્યારે એક સામાન્ય વાત સમજવી કે આ હરોળમાં જીગાની ડાબી બાજુએ 16 વ્યક્તિઓ બેઠા હોય.

- ઉપરોક્ત સૂચના મુજબ જમણેથી પણ આપી શકે છે.
  - જીગાનો ક્રમ જમણેથી 13મો છે. તો,

● ઉદાહરણ

1. એક આડી હરોળમાં જીગાનો ક્રમ ડાબેથી 17મો અને જમણેથી 13મો હોય તો આડી હરોળમાં કુલ કેટલા વ્યક્તિઓ બેઠા હોય?

કુલ સંખ્યા → 16 + 12 + 1(જીગો પોતે) = 29

17+13-1
30-1 29

2. એક આડી હરોળમાં કુલ 20 વિદ્યાર્થીઓ બેઠા છે. જો જીગાનો ક્રમ ડાબેથી 13મો હોય તો જમણેથી કેટલામો હોય?



કુલ 20

→ જીગાની ડાબી બાજુ 12 વ્યક્તિઓ બેઠા છે અને જીગો પોતે એમ 13 વ્યક્તિઓ બેસેલા છે, તો કુલ 20માંથી બેસી ગયેલ 13 વ્યક્તિઓ બાદ કરતાં વધેલી 7 વ્યક્તિઓ જીગાની જમણી બાજુએ બેસેલા હોય.



કુલ 20

આમ, જમણી બાજુથી ગણતાં જીગાનો ક્રમ જમણેથી 8મો થાય.

નોંધ

આ પ્રકરણમાં કેટલીક શોર્ટ ટ્રીક્સ છે, પરંતુ આપણે તેની ચર્ચા નથી કરી રહ્યા કારણ કે આ ખૂબ જ ઈઝી કન્સેપ્ટ છે અને વળી, દરેક પ્રકારના દાખલામાં અલગ-અલગ શોર્ટ ટ્રીક્સ યાદ રાખવા કરતાં તેનો કન્સેપ્ટ સમજવાથી આ પ્રકરણના કોઈ પણ દાખલા ગણી શકાય છે.

તો જીગાભઈ, હવે Rank આવશે કે નઈ?

Basic Level

1. એક હારમાં A નો ક્રમ ઉપરથી 15મો છે અને નીચેની બાજુએથી 17મો છે. તો હારમાં કુલ કેટલા વ્યક્તિઓ હશે?
(A) 31 (B) 30 (C) 29 (D) 32

2. એક આડી હારમાં હિરેનનો ક્રમ ડાબી બાજુએથી 18મો છે અને જમણી બાજુએથી 7મો ક્રમ છે તો હારમાં કુલ કેટલા વ્યક્તિઓ હશે?
(A) 24 (B) 23 (C) 21 (D) 22

3. સુરેખાનું સ્થાન ડાબેથી તેમજ જમણેથી 17મું છે તો હારમાં કુલ કેટલા વ્યક્તિઓ હશે?
(A) 32 (B) 31 (C) 33 (D) 34

4. જીગાનું સ્થાન પોતાના વર્ગમાં ઉપરથી ચોથું અને નીચેથી 41મું છે. તો વર્ગમાં કુલ કેટલા વિદ્યાર્થી છે?
(A) 43 (B) 46 (C) 45 (D) 44

5. વિદ્યાર્થીઓની એક હરોળમાં જીગાનું સ્થાન ડાબી બાજુથી 7મું અને બકાનું સ્થાન તે જ હરોળમાં જમણી બાજુથી 10મું છે. તે બંને વચ્ચે 7 વિદ્યાર્થી છે. તો તે હરોળમાં કેટલા વિદ્યાર્થી છે?
(A) 21 (B) 24 (C) 23 (D) 22

6. છોકરીઓની એક લાઇનમાં જીગી બંને છેડેથી 11મા સ્થાને છે. તો તે લાઇનમાં કેટલી છોકરીઓ હશે?
(A) 20 (B) 22 (C) 21 (D) 19

7. જીગો અને ભૂરો એક હરોળમાં ક્રમશઃ ડાબી બાજુથી 7મા અને જમણી બાજુથી 13મા સ્થાને છે. વર્ગમાં કુલ 26 વિદ્યાર્થીઓ છે, તો જીગાનું સ્થાન જમણી બાજુથી કેટલામું હશે?
(A) 19 (B) 20 (C) 21 (D) 22

8. 30 વિદ્યાર્થીઓની એક આડી હારમાં જિગાનો ક્રમ ડાબેથી 12મો હોય તો જમણી બાજુએથી તેનો ક્રમ શોધો?
(A) 18 (B) 17 (C) 20 (D) 19

9. 150 વિદ્યાર્થીઓના નામની યાદીમાં બકાનું નામ ઉપરથી 65મું છે તો નીચેથી બકાનો ક્રમ શોધો?
(A) 85 (B) 86 (C) 87 (D) 84

10. 33 વિદ્યાર્થીઓની એક આડી હરોળમાં મહેશનો ક્રમ જમણી બાજુએથી 18મો હોય તો ડાબી બાજુએથી તેનો ક્રમ શોધો?
(A) 16 (B) 15 (C) 18 (D) 19

11. એક ટુકડીમાં મારી આગળ 13 લોકો ચાલે છે અને મારી પાછળ 17 લોકો ચાલે છે તો ટુકડીના સભ્યોની સંખ્યા શોધો?
(A) 30 (B) 31 (C) 29 (D) 32

Basic Level

12. એક વૃક્ષની હરોળમાં આંબાનું વૃક્ષ ડાબેથી 12મું અને જમણેથી 18મું છે તો તે હરોળમાં કુલ કેટલા વૃક્ષો હશે?
(A) 31 (B) 30 (C) 29 (D) 32

13. ઓબામા અને બુશ એક આડી હરોળમાં અનુક્રમે ડાબેથી 12 અને 18મા ક્રમે બેઠા છે. જો કુલ વિદ્યાર્થીઓની સંખ્યા 30 હોય તો બંનેના જમણી બાજુએથી ક્રમ શોધો?
(A) 19, 13 (B) 18, 12 (C) 19, 12 (D) 18, 13

14. 30 વ્યક્તિઓની એક હરોળમાં મગન ડાબેથી 10મું અને છગન જમણેથી 10મું સ્થાન ધરાવે છે તો તેમની બંનેની વચ્ચે કેટલા વ્યક્તિ બેઠા હશે?
(A) 10 (B) 9 (C) 8 (D) 11

15. એક યાદીમાં કુલ 45 નામો છે. લાદેનનું નામ ઉપરથી 5માં ક્રમે અને સદ્દામ હુસૈનનું નામ નીચેથી 15માં ક્રમે છે તો તેમની બંનેની વચ્ચે કેટલા લોકોના નામ હશે?
(A) 23 (B) 26 (C) 24 (D) 25

નિરજ ભરવાડ - એ હવે અઘરુ ચાલુ થયુ હો, દોસ્ત, મગજ ઠેકાણે રાખવું પડશે.

Advance Level

16. એક પરીક્ષામાં સફળ થયેલા વિદ્યાર્થીઓની યાદીમાં મહેશનો ક્રમ ઉપરથી 17મો અને નીચેથી 33મો છે. 6 વિદ્યાર્થીઓ નાપાસ થયાં અને 5 વિદ્યાર્થીઓ ગેરહાજર હતાં. તો ક્લાસના કુલ વિદ્યાર્થીઓની સંખ્યા શોધો?
(A) 49 (B) 60 (C) 55 (D) 54

17. એક આડી હરોળમાં કુલ 15 વિદ્યાર્થીઓ બેઠા છે. Aનું સ્થાન ડાબેથી 10મું અને Bનું સ્થાન જમણેથી 9મું છે તો A અને B વચ્ચે કેટલા વિદ્યાર્થીઓ બેઠા હશે?
(A) 4 (B) 3 (C) 2 (D) 5

18. 20 વિદ્યાર્થીઓની એક ઊભી હરોળમાં મુન્નાનો ક્રમ આગળથી 15મો છે અને ચકાનો ક્રમ પાછળથી 15મો છે તો તેમની વચ્ચે કુલ કેટલા વિદ્યાર્થીઓ બેઠા હશે?
(A) 8 (B) 10 (C) 2 (D) 6

19. છોકરીઓની એક લાઇનમાં જયા ડાબી બાજુએથી 8માં સ્થાને છે જ્યારે દયા જમણી બાજુએથી 18માં સ્થાને છે. જો તેઓ પોતાના સ્થાન બદલે તો જયા ડાબી બાજુએથી 14માં સ્થાન પર આવે તો આ લાઇનમાં કુલ કેટલી છોકરીઓ હશે?
(A) 29 (B) 31 (C) 24 (D) 26

Advance Level

20. એક આડી હરોળમાં બાઘો અને જેઠાલાલના ક્રમ અનુક્રમે ડાબી બાજુએથી 17મો અને જમણી બાજુએથી 17મો છે. જો બંને જણા એકબીજાનું સ્થાન બદલે તો જેઠાલાલ જમણેથી 20માં સ્થાન પર આવે. તો હરોળમાં કુલ કેટલી વ્યક્તિઓ હશે?
(A) 38 (B) 26 (C) 36 (D) 38

21. 23 છોકરીઓ એકબીજાની પાછળ ઊભી છે. સીતા હારની શરૂઆતથી ચોથા સ્થાને છે. દીપાલીનું સ્થાન સીતાથી 7 સ્થાન પાછળ છે, તો દીપાલી છેડેથી કેટલામાં નંબરે છે?
(A) 10 (B) 13 (C) 4 (D) 7

22. બાળકોની એક લાઈનમાં ભૂરો ડાબી બાજુથી 5માં સ્થાને છે અને જીગો જમણી બાજુથી 12માં સ્થાને છે. જીગો એ ભૂરા તરફ 3 સ્થાન શિફ્ટ કરે છે, તો તે ડાબી બાજુથી દસમો આવે છે. તો તે લાઈનમાં કેટલા બાળકો છે?
(A) 26 (B) 23 (C) 24 (D) 25

23. એક પરીક્ષામાં પાસ થયેલ વિદ્યાર્થીઓની યાદીમાં દિવ્યાંગનું સ્થાન ઉપરથી 13મું અને નીચેથી 19મું છે. આ પરીક્ષામાં 13 વિદ્યાર્થીઓ નાપાસ થયા અને 16 વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા. તો ક્લાસમાં કુલ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી?
(A) 31 (B) 60 (C) 43 (D) 47

24. એક આડી હરોળમાં કુલ 21 વિદ્યાર્થીઓ બેઠા છે, જીગાનો ક્રમ ડાબેથી 9મો છે, જ્યારે બકાનો ક્રમ જમણેથી 7મો છે. જ્યારે ભૂરો આ બંનેની બિલકુલ વચ્ચે બેઠો છે તો ભૂરિયો ડાબી બાજુથી કેટલામો હશે?
(A) 18 (B) 16 (C) 14 (D) 12

ANSWERS

(1) A	(2) A	(3) C	(4) D	(5) B	(6) C	(7) B	(8) D	(9) B	(10) A
(11) B	(12) C	(13) A	(14) A	(15) D	(16) B	(17) C	(18) A	(19) B	(20) C
(21) B	(22) C	(23) B	(24) D						

તો જીગાભઈ, Solution જોઈએ કે ચાલશે?

Solutions

1. 14 + 16 + A = 31



2. 17 + 6 + H = 24



2. 16 + 16 + S = 33



4. 40 + 3 + I = 44



5. 6 + 7 + 9 = 22 + J + B
= 24



6. 10 + 10 + J = 21



7. જીગાનું સ્થાન જમણી બાજુથી 20મું હોય



8. જીગાનું ક્રમ જમણી બાજુથી 19મો હોય



કુલ 30

9. બકાનો ક્રમ નીચેથી 86મો હોય



કુલ 150

Solutions

10 મહેશનો ક્રમ ડાબી બાજુથી 16મો હોય



11 13 + 17 + હું = 31



12 11 + 17 + આંબો = 29



13 ઓબામાનું સ્થાન જમણી બાજુથી 19મું હોય



બુશનું સ્થાન જમણી બાજુથી 13મું હોય



કુલ 30

14 બંનેની વચ્ચે 10 વ્યક્તિ બેઠા હશે



15 લાદેન અને સદ્દામ હુસૈનની વચ્ચે 25 લોકોના નામ હશે



કુલ 45

16 16 + 32 + મહેશ = 49



49 સફળ
+ 06 નાપાસ
+ 05 ગેરહાજર
60 કુલ

17 A અને B વચ્ચે 2 વિદ્યાર્થીઓ બેઠા હશે



કુલ 15

18 મુન્ના અને ચકા વચ્ચે કુલ 8 વિદ્યાર્થીઓ બેઠા હશે



કુલ 20

Solutions

19 7 + 5 + 17 + દયા + જયા = 31



જો જયા અને દયા પોતાના સ્થાન બદલે તો જયા ડાબેથી 14માં સ્થાન પર આવે



20 હરોળમાં કુલ 36 વ્યક્તિઓ હશે



કુલ 36

21 દીપાલી છેડેથી 13માં નંબરે છે



કુલ 23

22 લાઈનમાં 24 બાળકો છે



કુલ 24

23 12 + 18 + દિવ્યાંગ = 31



31 પાસ
+ 13 નાપાસ
+ 16 ગેરહાજર
60 કુલ

24 ભૂરિયો ડાબી બાજુથી 12મો હશે



CHAPTER **04**

Number Series
સંખ્યા શ્રેણી

આ પ્રકારનાં પ્રશ્નોમાં સંખ્યાઓની એક શ્રેણી આપેલી હોય છે કે જેમાં કોઈ ચોક્કસ પ્રકારનાં તાર્કિક ફેરફારો થતાં હોય છે, આ તર્કને અનુસરી શ્રેણીનો ક્રમાનુસાર કયો અંક આવશે તે નક્કી કરવાનું હોય છે. આ તર્ક સામાન્ય રીતે સરવાળો, બાદબાકી, ગુણાકાર, ભાગાકાર, વર્ગ, વર્ગમૂળ, ઘન-ઘનમૂળને સંબંધિત હોય છે.

નિરજ ભરવાડ - સાંભળ જીગા 80% સીરીઝનો જવાબ તફાવત ગોતવાથી મળી જાય તો સરવાળા, બાદબાકી મસ્ત હોવા જોઈએ, ઓકે છે?

ઉદાહરણ

1. 5 10 20 35 ? **55**

   +5 +10 +15 +20

2. 1 7 19 37 ? **61**

   +6 +12 +18 +24

3. 100 90 81 73 ? **66**

   -10 -9 -8 -7

4. 10 12 16 24 40 ? **72**

   +2 +4 +8 +16 +32

   x2 x2 x2 x2

5. 56 82 60 86 64 ? **90**

   +4 +4 +4 +4

Exercise

1. 23 35 59 107 203 ?
   (A) 347 (B) 395 (C) 385 (D) 367
2. 65 82 69 86 73 ?
   (A) 60 (B) 76 (C) 90 (D) 94
3. 7 11 27 63 127 ?
   (A) 208 (B) 227 (C) 235 (D) 226
4. 19 188 309 390 439 ?
   (A) 464 (B) 475 (C) 455 (D) 460
5. 640 384 256 192 160 ?
   (A) 152 (B) 128 (C) 176 (D) 144
6. 13 19 26 34 43 ?
   (A) 52 (B) 54 (C) 53 (D) 57
7. 600 564 539 523 514 ?
   (A) 513 (B) 510 (C) 512 (D) 505
8. 55000 11000 2200 440 88 ?
   (A) 17.6 (B) 82 (C) 64 (D) 3.5
9. 2 12 60 240 720 ?
   (A) 2160 (B) 720 (C) 360 (D) 1440
10. 80 48 64 56 60 ?
    (A) 58 (B) 62 (C) 56 (D) 64
11. 32 38 50 68 92 ?
    (A) 112 (B) 122 (C) 132 (D) 102
12. 1 2 6 24 120 ?
    (A) 600 (B) 760 (C) 720 (D) 840
13. 323 312 299 284 267 ?
    (A) 249 (B) 246 (C) 258 (D) 248
14. 18 23 33 48 68 ?
    (A) 93 (B) 78 (C) 98 (D) 84
15. 28 27.5 28.5 27 29 ?
    (A) 26 (B) 26.5 (C) 27 (D) 27.5

Exercise

16. 17 18 22 31 47 ?
(A) 63 (B) 70 (C) 72 (D) 83

17. 6 8 4 12 -4 ?
(A) 32 (B) -28 (C) -36 (D) 28

18. 53 318 1590 6360 19080 ?
(A) 19680 (B) 38160 (C) 19080 (D) 35240

19. 430 422 395 331 ?
(A) 206 (B) 306 (C) 115 (D) 194

20. 33 38 ? 63 83 108
(A) 43 (B) 48 (C) 53 (D) 47

21. 1 3 8 18 35 ?
(A) 59 (B) 70 (C) 61 (D) 65

22. 2 9 28 65 ?
(A) 120 (B) 126 (C) 145 (D) 130

23. 2 4 7 12 19 ?
(A) 28 (B) 29 (C) 30 (D) 31

24. 2 5 7 12 19 ?
(A) 26 (B) 31 (C) 29 (D) 38

25. 2 5 9 19 37 ?
(A) 73 (B) 74 (C) 75 (D) 72

26. 4 8 28 80 244 ?
(A) 487 (B) 658 (C) 793 (D) 728

27. 0 6 24 60 120 210 ?
(A) 336 (B) 337 (C) 350 (D) 351

28. 1 4 27 16 125 ?
(A) 30 (B) 36 (C) 216 (D) 250

29. 1 2 6 21 88 ?
(A) 441 (B) 357 (C) 445 (D) 487

30. 1 9 25 49 ? 121
(A) 100 (B) 130 (C) 81 (D) 64

Exercise

31. 15 30 60 105 ?
(A) 165 (B) 155 (C) 160 (D) 170

32. -1 -3 -7 -15 ?
(A) -13 (B) -31 (C) -47 (D) -35

33. 6 11 21 36 56 ?
(A) 66 (B) 76 (C) 81 (D) 86

34. 22 24 28 ? 52 84
(A) 32 (B) 36 (C) 44 (D) 40

35. 2136 2247 2358 2469 ?
(A) 2358 (B) 2363 (C) 2487 (D) 2580

36. 10 100 200 310 ?
(A) 410 (B) 420 (C) 430 (D) 440

37. 125 80 45 20 ?
(A) 15 (B) 5 (C) 10 (D) 0

38. 6 17 39 72 ?
(A) 116 (B) 105 (C) 118 (D) 120

39. 0.5 0.55 0.65 0.8 ?
(A) 0.95 (B) 1 (C) 1.1 (D) 1.25

40. 4 9 25 49 121 ?
(A) 144 (B) 196 (C) 169 (D) 225

41. 4 12 36 108 ?
(A) 216 (B) 324 (C) 328 (D) 228

42. 1 1 2 6 24 ? 720
(A) 110 (B) 120 (C) 125 (D) 144

43. 240 ? 120 40 10 2
(A) 120 (B) 80 (C) 240 (D) 200

44. 5760 960 ? 48 16 8
(A) 480 (B) 242 (C) 144 (D) 192

45. 9 27 31 155 161 1127 ?
(A) 1135 (B) 1124 (C) 2002 (D) 1881

Exercise

46. 6 13 25 51 101 ?
(A) 103 (B) 203 (C) 201 (D) 199

47. 3 15 35 63 99 ?
(A) 120 (B) 134 (C) 143 (D) 168

48. 7 26 63 124 ?
(A) 189 (B) 215 (C) 196 (D) 217

49. 3 7 23 95 ?
(A) 479 (B) 237 (C) 386 (D) 684

50. 73546278 3546278 354627 54627 ?
(A) 4627 (B) 5467 (C) 5426 (D) 5462

51. 6 18 3 21 7 56 ?
(A) 7 (B) 8 (C) 9 (D) 14

52. 2 15 4 12 6 7 ? ?
(A) 6,2 (B) 7,0 (C) 8,0 (D) 8,1

53. 20 20 19 16 17 13 14 11 ? ?
(A) 10,10 (B) 10,12 (C) 8,10 (D) 9,11

54. 13 35 57 79 911 ?
(A) 1023 (B) 1113 (C) 1223 (D) 1453

55. 625 5 125 25 25 ? 5
(A) 5 (B) 25 (C) 125 (D) 625

56. $\frac{2}{3}$ $\frac{4}{7}$ $\frac{7}{13}$ $\frac{11}{21}$?
(A) $\frac{16}{31}$ (B) $\frac{16}{30}$ (C) $\frac{17}{31}$ (D) $\frac{15}{29}$

57. 2 12 36 74 ?
(A) 116 (B) 126 (C) 124 (D) 132

58. 4 6 12 ? 90 315
(A) 24 (B) 36 (C) 30 (D) 45

59. 3 ? 14 55 274 1643
(A) 5 (B) 6 (C) 7 (D) 8

60. 37 ? 103 169 257 367
(A) 48 (B) 70 (C) 65 (D) 59

Exercise

61. 16 8 12 30 ?
(A) 90 (B) 105 (C) 102 (D) 120

62. 5 6 14 45 ?
(A) 94 (B) 184 (C) 180 (D) 140

63. 9 17 33 65 ?
(A) 129 (B) 131 (C) 94 (D) 145

64. 54 56 61 71 88 ?
(A) 111 (B) 114 (C) 116 (D) 126

65. 43 45 49 52 61 65 ?
(A) 75 (B) 90 (C) 72 (D) 81

ANSWERS

(1) B	(2) C	(3) B	(4) A	(5) D	(6) C	(7) B	(8) A	(9) D	(10) A
(11) B	(12) C	(13) D	(14) A	(15) B	(16) C	(17) D	(18) B	(19) A	(20) B
(21) C	(22) B	(23) C	(24) B	(25) C	(26) D	(27) A	(28) B	(29) C	(30) C
(31) A	(32) B	(33) C	(34) B	(35) D	(36) C	(37) B	(38) A	(39) B	(40) C
(41) B	(42) B	(43) C	(44) D	(45) A	(46) B	(47) C	(48) B	(49) A	(50) D
(51) B	(52) C	(53) A	(54) B	(55) D	(56) A	(57) B	(58) C	(59) A	(60) D
(61) B	(62) B	(63) A	(64) B	(65) D					

નિરજ ભરવાડ - જીગા આપણા સોલ્યુશન્સ જો દોસ્ત ખાલી, જોરદાર બાકી.

Solutions

1. 23 35 59 107 203 ? 395
+12 +24 +48 +96 +192

2. 65 82 69 86 73 ? 90
+4 +4 +4 +4

Solutions

3 7 11 27 63 127 ? **227**

+4 +16 +36 +64 +100

4 19 188 309 390 439 ? **464**

+169 (13^2) +121 (11^2) +81 (9^2) +49 (7^2) +25 (5^2)

5 640 384 256 192 160 ? **144**

-256 -128 -64 -32 -16

6 13 19 26 34 43 ? **53**

+6 +7 +8 +9 +10

7 600 564 539 523 514 ? **510**

-36 (6^2) -25 (5^2) -16 (4^2) -9 (3^2) -4 (2^2)

8 55000 11000 2200 440 88 ? **17.6**

÷5 ÷5 ÷5 ÷5 ÷5

9 2 12 60 240 720 ? **1440**

x6 x5 x4 x3 x2

Solutions

10 80 48 64 56 60 ? **58**

-32 +16 -8 +4 -2

11 32 38 50 68 92 ? **122**

+6 +12 +18 +24 +30

12 1 2 6 24 120 ? **720**

x2 x3 x4 x5 x6

13 323 312 299 284 267 ? **248**

-11 -13 -15 -17 -19

14 18 23 33 48 68 ? **93**

+5 +10 +15 +20 +25

15 28 27.5 28.5 27 29 ? **26.5**

-0.5 +1 -1.5 +2 -2.5

16 17 18 22 31 47 ? **72**

+1 +4 +9 +16 +25

Solutions

17 6, 8, 4, 12, -4, ? → **28**

+2, -4, +8, -16, +32

18 53, 318, 1590, 6360, 19080, ? → **38160**

x6, x5, x4, x3, x2

19 430, 422, 395, 331, ? → **206**

$-8\ (2^3)$, $-27\ (3^3)$, $-64\ (4^3)$, $-125\ (5^3)$

20 33, 38, ?, 63, 83, 108 → **48**

+5, +10, +15, +20, +25

21 1, 3, 8, 18, 35, ? → **61**

+2, +5, +10, +17, +26

+3, +5, +7, +9

22 2, 9, 28, 65, ? → **126**

1^3+1, 2^3+1, 3^3+1, 4^3+1, 5^3+1

23 2, 4, 7, 12, 19, ? → **30**

+2, +3, +5, +7, +11

(અવિભાજ્ય અંકો)

Solutions

24 2, 5, 7, 12, 19, ? → **31**

2+5, 5+7, 7+5, 12+19

25 2, 5, 9, 19, 37, ? → **75**

x 2+1, x 2-1, x 2+1, x 2-1, x 2+1

26 4, 8, 28, 80, 244, ? → **728**

3^1+1, 3^2-1, 3^3+1, 3^4-1, 3^5+1, 3^6-1

27 0, 6, 24, 60, 120, 210, ? → **336**

1^3-1, 2^3-2, 3^3-3, 4^3-4, 5^3-5, 6^3-6, 7^3-7

28 1, 4, 27, 16, 125, ? → **36**

1^3, 2^2, 3^3, 4^2, 5^3, 6^2

29 1, 2, 6, 21, 88, ? → **445**

x 1+1, x 2+2, x 3+3, x 4+4, x 5+5

30 1, 9, 25, 49, ?, 121 → **81**

1^2, 3^2, 5^2, 7^2, 9^2, 11^2

Solutions

31 15, 30, 60, 105, ? → **165**



32 -1, -3, -7, -15, ? → **-31**



33 6, 11, 21, 36, 56, ? → **81**



34 22, 24, 28, ?, 52, 84 → **36**



35 2136, 2247, 2358, 2469, ? → **2580**



36 10, 100, 200, 310, ? → **430**



37 125, 80, 45, 20, ? → **5**



Solutions

38 6, 17, 39, 72, ? → **116**



39 0.5, 0.55, 0.65, 0.80, ? → **1**



40 4, 9, 25, 49, 121, ? → **169**



(અવિભાજ્ય સંખ્યાઓનો વર્ગ)

41 4, 12, 36, 108, ? → **324**



42 1, 1, 2, 6, 24, ?, 720 → **120**



43 240, ?, 120, 40, 10, 2 → **240**



44 5760, 960, ?, 48, 16, 8 → **192**



Solutions

45 9, 27, 31, 155, 161, 1127, ? → 1135

x 3, +4, x 5, +6, x 7, +8

46 6, 13, 25, 51, 101, ? → 203

x 2+1, x 2-1, x 2+1, x 2-1, x 2+1

47 3, 15, 35, 63, 99, ? → 143

2^2-1, 4^2-1, 6^2-1, 8^2-1, 10^2-1, 12^2-1

48 7, 26, 63, 124, ? → 215

2^3-1, 3^3-1, 4^3-1, 5^3-1, 6^3-1

49 3, 7, 23, 95, ? → 479

x 2+1, x 3+2, x 4+3, x 5+4

50 73546278, 3546278, 354627, 54627, ? → 5462

~~3546278~~, 354627~~8~~, ~~5~~4627, 5462~~8~~

51 6, 18, 3, 21, 7, 56, ? → 8

6 x 3, 3 x 7, 7 x 8

Solutions

52 2, 15, 4, 12, 6, 7, ? → 8, ? → 0

-3, -5, -7

+2, +2, +2

53 20, 20, 19, 16, 17, 13, 14, 11, ? → 10, ? → 10

-4, -3, -2, -1

-1, -2, -3, -4

54 13, 35, 57, 79, 911, ? → 1113

1,3, 3,5, 5,7, 7,9, 9,11, 11,13

(એકી અંકોની જોડ)

55 625, 5, 125, 25, 25, ?, 5 → 125

x 5, x 5

÷5, ÷5, ÷5

56 $\frac{2}{3}$, $\frac{4}{7}$, $\frac{7}{13}$, $\frac{11}{21}$, $\frac{?}{?}$ → $\frac{16}{31}$

+2, +3, +4, +5

+4, +6, +8, +10

57 2, 12, 36, 74, ? → 126

+10, +24, +38, +52

+14, +14, +14

Solutions

58 4 6 12 ? 90 315 **30**

x 1.5 x 2 x 2.5 x 3 x 3.5

59 3 ? 14 55 274 1643 **5**

x 2-1 x 3-1 x 4-1 x 5-1 x 6-1

60 37 ? 103 169 257 367 **59**

+22 +44 +66 +88 +110

61 16 8 12 30 ? **105**

x 0.5 x 1.5 x 2.5 x 3.5

62 5 6 14 45 ? **184**

x 1+1 x 2+2 x 3+3 x 4+4

63 9 17 33 65 ? **129**

x 2-1 x 2-1 x 2-1 x 2-1

64 54 56 61 71 88 ? **114**

+2 +5 +10 +17 +26

+3 +5 +7 +9

65 43 45 49 52 61 65 ? **81**

+2 $+2^2$ +3 $+3^2$ +4 $+4^2$

CHAPTER **05**

Alphabetical Series
અક્ષર શ્રેણી

જો જુગા આ ચેપ્ટર આગળના ચેપ્ટર જેવું જ છે પણ ત્યાં આંકડાઓ હતાં અહીં ABCDનાં અક્ષરો આવશે.

ABCD આવડે એટલે ચેપ્ટર આવડે હોસ્ત. 😆

Alphabet Series

01	02	03	04	05	06	07	08	09	10	11	12	13	14	15	16	17	18	19	20	21	22	23	24	25	26
A	B	C	D	E	F	G	H	I	J	K	L	M	N	O	P	Q	R	S	T	U	V	W	X	Y	Z
26	25	24	23	22	21	20	19	18	17	16	15	14	13	12	11	10	09	08	07	06	05	04	03	02	01

Examples

1 A C E G I ?

(A) J (B) **K** (C) L (D) M

દરેક પદમાં એક અક્ષર છોડીને બીજો અક્ષર લખાય છે.

A પછી B છોડીને C, C પછી D છોડીને E, આમ I પછી J છોડીને K જવાબમાં આવશે.

A $\xrightarrow{+2}$ C $\xrightarrow{+2}$ E $\xrightarrow{+2}$ G $\xrightarrow{+2}$ I $\xrightarrow{+2}$ K

2 A B D G K ?

(A) N (B) L (C) **P** (D) O

પહેલા પદ અને બીજા પદ વચ્ચે કોઈ અક્ષર છોડેલો નથી, ત્યારબાદ બીજા અને ત્રીજા વચ્ચે એક અક્ષર છોડેલો છે ત્યારબાદ બે, ત્રણ, તો હવે K પછી ચાર અક્ષરો છોડી P જવાબ આવશે.

A $\xrightarrow{+1}$ B $\xrightarrow{+2}$ D $\xrightarrow{+3}$ G $\xrightarrow{+4}$ K $\xrightarrow{+5}$ P

3 AC FH KM PR ?

(A) **UW** (B) VW (C) UX (D) TV

દરેક જોડમાં બંને વચ્ચે એક અક્ષર છે, અને દરેક પદ વચ્ચે બે અક્ષરો છે. આમ, PR પછી બે અક્ષરો (S,T,) છોડી U અને ત્યારબાદ એક અક્ષર (V) છોડી W આવે. આથી, જવાબ UW આવે.

Basic Level

1. A C F J ?
   (A) L (B) M (C) O (D) R
2. R U X A D ?
   (A) F (B) G (C) H (D) I
3. T R P N L ?
   (A) J (B) H (C) K (D) I
4. B D F I L P ?
   (A) R (B) S (C) T (D) U
5. H I K N ?
   (A) O (B) Q (C) R (D) S
6. A D H M ? Z
   (A) T (B) G (C) N (D) S
7. Z U Q ? L
   (A) I (B) K (C) M (D) N
8. Z W S P L I E ?
   (A) B (B) D (C) F (D) K
9. Z Y X U T S P O N K ? ?
   (A) H, G (B) H, I (C) I, H (D) J, I
10. AB DEF HIJK ? STUVWX
    (A) LMNO (B) LMNOP (C) MNOPQ (D) QRSTU
11. AI BJ CK ?
    (A) DL (B) DM (C) GH (D) LM
12. AZ GT MN ? YB
    (A) JH (B) SH (C) SK (D) TS
13. AZ CX FU ?
    (A) IR (B) IV (C) JQ (D) KP
14. DF GJ KM NQ RT ?
    (A) UW (B) YZ (C) XZ (D) UX
15. PMT OOS NQR MSQ ?
    (A) LUP (B) LVP (C) LVR (D) LWP
16. BMX DNW FOV ?
    (A) GHO (B) GPS (C) HPS (D) HPU
17. BZA DYC FXE ? JVI
    (A) HUG (B) HWG (C) UHG (D) WHG
18. DEF HIJ MNO ?
    (A) STU (B) RST (C) RTV (D) SRQ
19. PERPENDICULAR ERPENDICULA RPENDICUL ?
    (A) PENDICUL (B) PENDIC (C) ENDIC (D) PENDICU

Basic Level

20. ATTRIBUTION TTRIBUTIO TRIBUTI RIBUT ?
    (A) IBU (B) UT (C) UTI (D) BUT

Advance Level

21. A G L P S ?
    (A) U (B) W (C) X (D) Y
22. A D C F ? H G ? I
    (A) E, J (B) E, K (C) F, J (D) J, E
23. A I P V A E ?
    (A) E (B) F (C) G (D) H
24. Y W T P K E X ? ?
    (A) G, H (B) P, G (C) R, G (D) S, R
25. Y B T G O ?
    (A) N (B) M (C) L (D) K
26. C Z F X I V L T O ? ?
    (A) O, P (B) P, Q (C) R, R (D) S, R
27. M N O L R I V ?
    (A) A (B) E (C) F (D) H
28. B E D F ? H J ? L
    (A) I M (B) M I (C) I N (D) J M
29. GH JL NQ SW YD ?
    (A) EJ (B) FJ (C) EL (D) FL
30. AJS GPY ? SBK YHQ
    (A) DMV (B) MVE (C) OUA (D) QZI
31. ABD DGK HMS MTB SBL ?
    (A) XKW (B) ZAB (C) ZKU (D) ZKW
32. WFB TGD QHG ?
    (A) NIJ (B) NIK (C) NJK (D) OIK
33. AYBZC DWEXF GUHVI JSKTL ?
    (A) MQORN (B) MQNRO (C) NQMOR (D) QMONR

ANSWERS

(1) C (2) B (3) A (4) C (5) C (6) D (7) D (8) A (9) D (10) C
(11) A (12) B (13) C (14) D (15) A (16) D (17) B (18) A (19) D (20) A
(21) A (22) A (23) D (24) B (25) C (26) C (27) B (28) A (29) D (30) B
(31) D (32) B (33) B

Solutions

1. A $\xrightarrow{+2}$ C $\xrightarrow{+3}$ F $\xrightarrow{+4}$ J $\xrightarrow{+5}$ **O**

2. R $\xrightarrow{+3}$ U $\xrightarrow{+3}$ X $\xrightarrow{+3}$ A $\xrightarrow{+3}$ D $\xrightarrow{+3}$ **G**

3. T $\xrightarrow{-2}$ R $\xrightarrow{-2}$ P $\xrightarrow{-2}$ N $\xrightarrow{-2}$ L $\xrightarrow{-2}$ **J**

4. B $\xrightarrow{+2}$ D $\xrightarrow{+2}$ F $\xrightarrow{+3}$ I $\xrightarrow{+3}$ L $\xrightarrow{+4}$ P $\xrightarrow{+4}$ **T**

5. H $\xrightarrow{+1}$ I $\xrightarrow{+2}$ K $\xrightarrow{+3}$ N $\xrightarrow{+4}$ **R**

6. A $\xrightarrow{+3}$ D $\xrightarrow{+4}$ H $\xrightarrow{+5}$ M $\xrightarrow{+6}$ **S** $\xrightarrow{+7}$ Z

7. Z $\xrightarrow{-5}$ U $\xrightarrow{-4}$ Q $\xrightarrow{-3}$ **N** $\xrightarrow{-2}$ L

8. Z $\xrightarrow{-3}$ W $\xrightarrow{-4}$ S $\xrightarrow{-3}$ P $\xrightarrow{-4}$ L $\xrightarrow{-3}$ I $\xrightarrow{-4}$ E $\xrightarrow{-3}$ **B**

9. ZYX $\xrightarrow{-3}$ UTS $\xrightarrow{-3}$ PON $\xrightarrow{-3}$ KJI

10. પહેલા પદમાં 2 અક્ષર આવે પછી 3 અક્ષર પછી 4 અક્ષર પછી 5 અક્ષર આવે.

AB (+2) DEF (+2) HIJK (+2) MNOPQ (+2) STUVWX

11. First Letter: A $\xrightarrow{}$ B $\xrightarrow{}$ C $\xrightarrow{}$ **D**
    Second Letter: I $\xrightarrow{}$ J $\xrightarrow{}$ K $\xrightarrow{}$ **L**

12. First Letter: A $\xrightarrow{+6}$ G $\xrightarrow{+6}$ M $\xrightarrow{+6}$ **S** $\xrightarrow{+6}$ Y
    Second Letter: Z $\xrightarrow{-6}$ T $\xrightarrow{-6}$ N $\xrightarrow{-6}$ **H** $\xrightarrow{-6}$ B

13. First Letter: A $\xrightarrow{+2}$ C $\xrightarrow{+3}$ F $\xrightarrow{+4}$ **J**
    Second Letter: Z $\xrightarrow{-2}$ X $\xrightarrow{-3}$ U $\xrightarrow{-4}$ **Q**

Solutions

14. First Letter: D $\xrightarrow{+3}$ G $\xrightarrow{+4}$ K $\xrightarrow{+3}$ N $\xrightarrow{+4}$ R $\xrightarrow{+3}$ **U**
    Second Letter: F $\xrightarrow{+4}$ J $\xrightarrow{+3}$ M $\xrightarrow{+4}$ Q $\xrightarrow{+3}$ T $\xrightarrow{+4}$ **X**

15. First Letter: P $\xrightarrow{-1}$ O $\xrightarrow{-1}$ N $\xrightarrow{-1}$ M $\xrightarrow{-1}$ **L**
    Second Letter: M $\xrightarrow{+2}$ O $\xrightarrow{+2}$ Q $\xrightarrow{+2}$ S $\xrightarrow{+2}$ **U**
    Third Letter: T $\xrightarrow{-1}$ S $\xrightarrow{-1}$ R $\xrightarrow{-1}$ Q $\xrightarrow{-1}$ **P**

16. First Letter: B $\xrightarrow{+2}$ D $\xrightarrow{+2}$ F $\xrightarrow{+2}$ **H**
    Second Letter: M $\xrightarrow{+1}$ N $\xrightarrow{+1}$ O $\xrightarrow{+1}$ **P**
    Third Letter: X $\xrightarrow{-1}$ W $\xrightarrow{-1}$ V $\xrightarrow{-1}$ **U**

17. First Letter: B $\xrightarrow{+2}$ D $\xrightarrow{+2}$ F $\xrightarrow{+2}$ **H** $\xrightarrow{+2}$ J
    Second Letter: Z $\xrightarrow{-1}$ Y $\xrightarrow{-1}$ X $\xrightarrow{-1}$ **W** $\xrightarrow{-1}$ V
    Third Letter: A $\xrightarrow{+2}$ C $\xrightarrow{+2}$ E $\xrightarrow{+2}$ **G** $\xrightarrow{+2}$ I

18. DEF $\xrightarrow{+2}$ HIJ $\xrightarrow{+3}$ MNO $\xrightarrow{+4}$ STU

19. દરેક પદમાં પહેલાથી અને છેલ્લેથી એક એક અક્ષર કાઢતા જવું, તો જવાબ D આવે.

20. દરેક પદમાં પહેલાથી અને છેલ્લેથી એક એક અક્ષર કાઢતા જવું, તો જવાબ A આવે.

નિરજ ભરવાડ - મજા આવે એવો વિષય નથી દોસ્ત?



હા સાહેબ...
પણ ALPHABET સીરીઝમાં
કક્કો ના પુછાય ?

Solutions

21 A $\xrightarrow{+6}$ G $\xrightarrow{+5}$ L $\xrightarrow{+4}$ P $\xrightarrow{+3}$ S $\xrightarrow{+2}$ **U**

22



23 A $\xrightarrow{+8}$ I $\xrightarrow{+7}$ P $\xrightarrow{+6}$ V $\xrightarrow{+5}$ A $\xrightarrow{+4}$ E $\xrightarrow{+3}$ **H**

24 Y $\xrightarrow{-2}$ W $\xrightarrow{-3}$ T $\xrightarrow{-4}$ P $\xrightarrow{-5}$ K $\xrightarrow{-6}$ E $\xrightarrow{-7}$ X $\xrightarrow{-8}$ **P** $\xrightarrow{-9}$ **G**

25 Y નો ક્રમ Alphabetically છેલ્લેથી બીજો અને B નો ક્રમ પહેલાંથી બીજો એવી જ રીતે, T નો ક્રમ છેલ્લેથી 7 મો અને G નો ક્રમ પહેલાથી 7 મો છે. તો આમ, O નો ક્રમ છેલ્લેથી 12 મો છે. આથી, પહેલાથી 12 મો ક્રમ L જવાબ આવે.

26



27



28



29



Solutions

30 First Letter: A $\xrightarrow{+6}$ G $\xrightarrow{+6}$ **M** $\xrightarrow{+6}$ S $\xrightarrow{+6}$ Y

Second Letter: J $\xrightarrow{+6}$ P $\xrightarrow{+6}$ **V** $\xrightarrow{+6}$ B $\xrightarrow{+6}$ H

Third Letter: S $\xrightarrow{+6}$ Y $\xrightarrow{+6}$ **E** $\xrightarrow{+6}$ K $\xrightarrow{+6}$ Q

31 First Letter: A $\xrightarrow{+3}$ D $\xrightarrow{+4}$ H $\xrightarrow{+5}$ M $\xrightarrow{+6}$ S $\xrightarrow{+7}$ **Z**

Second Letter: B $\xrightarrow{+5}$ G $\xrightarrow{+6}$ M $\xrightarrow{+7}$ T $\xrightarrow{+8}$ B $\xrightarrow{+9}$ **K**

Third Letter: D $\xrightarrow{+7}$ K $\xrightarrow{+8}$ S $\xrightarrow{+9}$ B $\xrightarrow{+10}$ L $\xrightarrow{+11}$ **W**

32 First Letter: W $\xrightarrow{-3}$ T $\xrightarrow{-3}$ Q $\xrightarrow{-3}$ **N**

Second Letter: F $\xrightarrow{+1}$ G $\xrightarrow{+1}$ H $\xrightarrow{+1}$ **I**

Third Letter: B $\xrightarrow{+2}$ D $\xrightarrow{+3}$ G $\xrightarrow{+4}$ **K**

33 First Letter: A $\xrightarrow{+3}$ D $\xrightarrow{+3}$ G $\xrightarrow{+3}$ J $\xrightarrow{+3}$ **M**

Second Letter: Y $\xrightarrow{-2}$ W $\xrightarrow{-2}$ U $\xrightarrow{-2}$ S $\xrightarrow{-2}$ **Q**

Third Letter: B $\xrightarrow{+3}$ E $\xrightarrow{+3}$ H $\xrightarrow{+3}$ K $\xrightarrow{+3}$ **N**

Fourth Letter: Z $\xrightarrow{-2}$ X $\xrightarrow{-2}$ V $\xrightarrow{-2}$ T $\xrightarrow{-2}$ **R**

Fifth Letter: C $\xrightarrow{+3}$ F $\xrightarrow{+3}$ I $\xrightarrow{+3}$ L $\xrightarrow{+3}$ **O**

તો જીગાભઈ, હવે કોઈ સારા સંકેત દેખાય છે કે પછી....

CHAPTER

06 Coding-Decoding
સંકેત-વિસંકેત

સંકેત-વિસંકેત (Coding-Decoding) એટલે કોઈ એવો સંકેત કે જે અન્ય કોઈ વ્યક્તિના ખ્યાલમાં ન આવે, સામાન્ય જીવનમાં પણ આપણે સંકેત-વિસંકેતનો ઉપયોગ કરતાં હોઈએ છીએ.

દા.ત. કોઈ મિત્રનું મુળ નામ સિવાય અન્ય કોઈ નામ પાડવું (ઘણીવાર શિક્ષકોના અલગ નામ રાખતાં હોઈએ છીએ).

સામાન્ય રીતે કોડિંગ-ડીકોડિંગનો ઉપયોગ ગુનાહિત પ્રવૃત્તિઓમાં થતો હોય છે, તેમાં ટીમના માણસો એક બીજા સાથે કોડ ભાષામાં વાત કરતાં હોય છે, જેથી આ વાત અન્ય કોઈ વ્યક્તિ સાંભળે તો પણ તેને ખ્યાલ ન આવે.

આમ, સરકારી નોકરીઓમાં ઘણી એવી પોસ્ટ છે, જ્યાં આ વસ્તુનો ખ્યાલ રાખવો જરૂરી છે. કોડીંગ ઘણી બધી પ્રકારનું હોય છે, પરંતુ આપણે આ પ્રકરણમાં પરીક્ષામાં પુછાય તેવા જ પ્રશ્નો જોવાના છે.

કોડીંગ મુખ્યત્વે ત્રણ પ્રકારનું હોય છે?

1) Alpha - Symbol
   મુળાક્ષર - નિશાની (સાવ સહેલું હોસ્ત)
2) Alpha - Number
   મુળાક્ષર - અંકો
3) Alpha - Alpha
   મુળાક્ષર - મુળાક્ષર

Alpha - Symbol

EXAMPLE :

કોઈ એક સાંકેતિક ભાષામાં 'TABLE' ને '@↑#□△' લખાય અને 'CHAIR' ને '◊⊙↑∩✳' લખાય તો આ જ સાંકેતિક ભાષામાં 'BECAR' ને કઈ રીતે લખાય?

તો જવાબ,

T	A	B	L	E
@	↑	#	□	△

C	H	A	I	R
◊	⊙	↑	∩	✳

B	E	C	A	R
#	△	◊	↑	✳

Exercise 01

01 જો 'EXTRA'ને સાંકેતિક ભાષામાં a#!3@ લખવામાં આવે, 'ADIDAS'ને @2i2@* લખાય તો SAT ને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) *@! (B) @!* (C) 2@3 (D) @32

02 એક નિશ્ચિત કોડ ભાષામાં 'ROSE' ને #43$ લખવામાં આવે છે તથા FIRSTને 51#37 લખવામાં આવે છે તો તે કોડ ભાષામાં STORE ને કઈ રીતે લખવામાં આવશે?
(A) 3$74# (B) 37$#4 (C) 374#$ (D) 37#4$

03 જો કોઈ સાંકેતિક ભાષામાં DEPTHને 7$%#6 લખવામાં આવે છે તથા POWDERને %487$5 લખાય છે, તો WORTH કેમ લખાશે?
(A) 8456# (B) 586#4 (C) 854#6 (D) 845#6

04 કોઈ ખાસ કોડમાં PAGEને 3%7@ તથા SOREને 8©9@ લખવામાં આવે તો તે કોડમાં PEAS કેમ લખાશે?
(A) 8@%3 (B) 3@%8 (C) 38@% (D) 3%@8

05 જો કોઈ સાંકેતિક ભાષામાં DICTIONARY = '△#□↑#↓▽✳⊙©' થાય, તો ORDINARY શબ્દ કઈ રીતે લખાય?
(A) ↓⊙△#▽✳⊙© (B) ↓⊙▽#△✳⊙©
(C) ⊙↓△#▽✳©⊙ (D) ↑⊙△#▽✳⊙©

06 જો કોઈ સાંકેતિક ભાષામાં TABLEને @%#*$ લખવામાં આવે, CHAIRને §©%£® તો HARIBA શબ્દ કઈ રીતે લખાય?
(A) ©%®#£% (B) ©%®£#% (C) ©%#£®% (D) ®%©#£%

07 જો NOIDA ને 39658 લખાય તો INDIA કઈ રીતે લખાય?
(A) 68635 (B) 65638 (C) 63568 (D) 68356

08 જો GLARE = 67810, MONSOON = 2395339 તો RANSOM કઈ રીતે લખાય?
(A) 183995 (B) 185932 (C) 189352 (D) 189532

09 કોઈ ખાસ કોડમાં MAINને 9364 અને DEARને 8532 લખવામાં આવે તો તે કોડમાં MEND કેમ લખાશે?
(A) 9854 (B) 9548 (C) 9845 (D) 9485

10 SMART શબ્દની સંજ્ઞા 24678 હોય તો RATની સંજ્ઞા કઈ થાય?
(A) 768 (B) 786 (C) 748 (D) 726

Alpha - Number

→ સીધો ક્રમ

01	02	03	04	05	06	07	08	09	10	11	12	13	14	15	16	17	18	19	20	21	22	23	24	25	26
A	B	C	D	E	F	G	H	I	J	K	L	M	N	O	P	Q	R	S	T	U	V	W	X	Y	Z
26	25	24	23	22	21	20	19	18	17	16	15	14	13	12	11	10	09	08	07	06	05	04	03	02	01

← ઉલટો ક્રમ

નિરજ ભરવાડ - ABCD તો આવડે ને જીગા?

જીગો - યસ સર આપણે અંગ્રેજીમાં તો હોંશિયાર.

નિરજ ભરવાડ - તો હવે ABCDના અક્ષરોને આંકડાઓ સાથે સેટ કરીને નીચેના પ્રશ્નો સોલ્વ કર અને ના સમજાય તો ગભરાવાનું નહિ, આપણે બધાનાં સોલ્યુશન આપેલા જ છે. આપણું દિલ આમ તો દરિયો છે.

EXAMPLE : જો B = 2, G = 7 તો K=?

અહીં દરેક મૂળાક્ષરોના ક્રમ આપેલા છે. આ જ રીતે, K = 11

Exercise 02

01 જો કોઈ સાંકેતિક ભાષામાં A = 26, SUN = 27 લખવામાં આવે તો CATને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 23 (B) 52 (C) 55 (D) 57

02 જો કોઈ સાંકેતિક ભાષામાં A = 2, HE =26 લખવામાં આવે તો CRYને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 92 (B) 46 (C) 64 (D) 29

03 જો કોઈ સાંકેતિક ભાષામાં HE = 41, You = 20 લખવામાં આવે તો MYને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 38 (B) 20 (C) 16 (D) 18

04 જો કોઈ સાંકેતિક ભાષામાં G = 49, L = 144 લખવામાં આવે તો Uને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 36 (B) 6 (C) 21 (D) 441

Exercise 02

05 જો કોઈ સાંકેતિક ભાષામાં D = 92, K = 176 લખવામાં આવે તો Oને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 180 (B) 168 (C) 204 (D) 195

06 જો કોઈ સાંકેતિક ભાષામાં H = 16, M = 26 લખવામાં આવે તો Uને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 21 (B) 06 (C) 12 (D) 42

07 જો કોઈ સાંકેતિક ભાષામાં H = 11, N = 1 લખવામાં આવે તો Vને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 18 (B) 17 (C) 27 (D) 16

08 જો કોઈ સાંકેતિક ભાષામાં Tyre = 8 Teacher = 14 લખવામાં આવે તો Dayoને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 8 (B) 2 (C) 45 (D) 30

09 જો કોઈ સાંકેતિક ભાષામાં JIGO = 109715, BAKO = 211115 લખવામાં આવે તો BHUROને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 28281115 (B) 28182115 (C) 28211815 (D) 28151821

10 જો કોઈ સાંકેતિક ભાષામાં NOIDA = 21.5, CHIN = 17 લખવામાં આવે તો LADENને તે સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 36 (B) 18 (C) 35 (D) 17

11 જો કોઈ સાંકેતિક ભાષામાં 453945 નો અર્થ DECIDE થાય તો 8978નો તે સાંકેતિક ભાષામાં શું અર્થ લખાય?
(A) GIHG (B) HIHG (C) HGIH (D) HIGH

12 'JIGO'ને સાંકેતિક ભાષામાં 41 લખાય અને 'BHURO'ને સાંકેતિક ભાષામાં 64 લખાય તો 'GUJARAT'ને શું લખાય?
(A) 78 (B) 87 (C) 39 (D) 76

13 'SON'ને સાંકેતિક ભાષામાં 48 લખાય અને 'BOY' ને 42 લખાય તો 'VARTMAN'ને શું લખાય?
(A) 88 (B) 99 (C) 44 (D) 89

14 'PRESIDENT'ને સાંકેતિક ભાષામાં 133 લખાય તો 'SUCCESS'ને સાંકેતિક ભાષામાં શું લખાય?
(A) 90 (B) 100 (C) 80 (D) 110

Alpha - Alpha

આ પ્રકારના પ્રશ્નોમાં મૂળાક્ષરોને મૂળાક્ષરથી બદલવામાં આવે છે, અને તેના પાછળ કોઈ ચોક્કસ તર્ક હોય છે, જે સમજી વિદ્યાર્થીઓએ તેના આધારે પ્રશ્નોના જવાબ આપવાના હોય છે.

→ અહીં મૂળાક્ષરોનો મૂળાક્ષરો સાથેનો સંબંધ હોય છે.

Example 01 : જો કોઈ સાંકેતિક ભાષામાં 'TEACHER'ને 'UFBDIFS' લખાય તો, આ જ રીતે 'STUDENT'ને કેવી રીતે લખાય?

